

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૬ | માર્ચ - ૨૦૧૯ | પત્ર - ૭૪

## "પ્રભુના વચનોથી ધ્રૂજવું"

"ધ્રૂજવું" શબ્દ આપણને ચિંતા, ભય, આફત દર્શાવે છે. ઘણી વખત ભયંકર રોગના સમાચાર ધ્રૂજાવે છે. કોઈ મોટી અણધારી આફત ધ્રૂજાવે છે. મોટા દુઃખદ સમાચાર ધ્રૂજાવે છે. અસલામતીનો સમય આપણને ધ્રૂજાવે છે. આવા સમય, પ્રસંગો, બનાવો જેમાં આપણે બિનસલામતી અનુભવીએ ત્યારે ધ્રૂજારી થાય છે. આપણે આવી ધ્રૂજારીની અપેક્ષા-ઈચ્છા રાખતા નથી.

પરંતુ પવિત્રશાસ્ત્ર બાઈબલમાં યશાયા ૬૬:૨ માં ધ્રૂજવા સબંધી લખ્યું છે. જેઓ દેવના વચનોથી ધ્રૂજે છે તેઓ તરફ દેવની દ્દષ્ટિ રહેશે તે પ્રમાણે કહેવામાં આવ્યું છે. દેવના પવિત્ર વચનોની આધિનતામાં આપણને આશીર્વાદ છે પરંતુ તેનું ઉલ્લંઘન કરવાથી આપણી ઉપર શાપ-કોપ, નાશ આવે છે. તે સમજ પ્રમાણે ધ્રૂજાવાની વાત કહેવામાં આવી છે.

યહોશુઆના પુસ્તક ૬ અને ૭ અધ્યાયમાં યહોવા દેવે ઈઝ્રાએલી પ્રજાને યરીખોમાંથી શાપિત વસ્તુ ન લેવાની આજ્ઞા આપી પરંતુ યહોશુઆ ૭:૧ પ્રમાણે આખાન યહોવા દેવના આ વચનથી ધ્રૂજતો અને બીક રાખતો નથી. તેથી યહોશૂઆ ૭:૨૬ પ્રમાણે તેને પત્થરે મારવામાં આવ્યો. ૧ શમૂએલ ૧૫:૨૨માં દહનાર્પણ તથા યજ્ઞ કરતાં દેવ પોતાની વાણી પળાયાથી રાજી થાય છે. શાઉલ દેવના વચનને ગણકારતો નથી તેથી તેને રાજા તરીકે નકારવામાં આવે છે.

દાઉદ રાજાએ પાપ કર્યું ત્યારે નાથાન પ્રબોધક દ્વારા કહેવામાં આવ્યું કે તેં શા માટે યહોવાનું વચન તુચ્છ ગણીને તેની દ્દષ્ટિમાં ભૂંડું કર્યું છે? ૨ શમૂએલ ૧૨:૯. દાઉદ રાજા દેવના વચનથી ધ્રૂજતો નથી પરંતુ તુચ્છ ગણે છે. આ સર્વ બનાવની અંદર આપણે જોઈએ છીએ કે દેવના વચન પ્રત્યે સભાનતા અને બીક રાખતા નથી. ટુંકમાં તેઓ ધ્રુજતા નથી.

પ્રેરિતોના કૃત્યના બીજા અધ્યાયમાં પિતરના ભાષણથી લોકોના મન વીંધાઈ ગયા અને તેઓએ પસ્તાવો કર્યો. મન વિંધાયા એટલે પ્રભુની વાણીને સ્વીકારી. વિશ્વાસ કર્યો, ભયભીત થયા અને બાપ્તિસ્મા પામ્યાં. પ્રે.કૃત્ય. ૨:૩૭-૪૨.

થોડા સમય પછી આપણે લેન્ટના ૪૦ દિવસો દરમિયાન પ્રાર્થના અને ઉપવાસમાં પસાર કરીશું આ દિવસોમાં આપણે દેવના વચનો પ્રત્યે સભાન બનીએ અને તેમાં આપણા માટે જે ચેતવણીઓ છે તે સમજીએ અને વચનોને આધિન થઈએ.

લેન્ટના દિવસોમાં પ્રભુના વચનોને વાંચીએ, સાંભળીએ, સ્વાકારીએ, વિશ્વાસ કરીએ અને આશીર્વાદિત થઈએ.

## પાછલા કાર્યો તરફ દ્દષ્ટિપાત

- તા. ૦૩-૦૨-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં "નામાન" ના જીવન સબંધી વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
  ભજનસેવા બાદ શ્રીમતી યાચના શેરીલ ક્રિશ્ચિયનના જન્મ દિવસ અને લગ્ન દિવસના આશીર્વાદને યાદ કરતા સર્વને ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. આભાર.
- તા. ૧૦-૦૨-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં સૂઈ મેથોડિસ્ટ ચર્ચના પ્રોજેકટ માટે પાળક રેવ. પંકજ ગોહેલ અને આગેવાન દાન માટે આવેલ. રેવ. પંકજ ગોહેલે 'પસંદગી' સબંધી વચન આપ્યું. ભજનસેવા બાદ સર્વએ પ્રોજેકટ માટે દાન આપ્યું.
  ભજનસેવા બાદ કેનીભાઈ ટેલર, મોનીકાબેન ડેવિડ અને આશાબેન વરસડાના જન્મ દિવસના આશીર્વાદને યાદ કરતાં સર્વને ચ્હા - નાસ્તો આપવામાં આવ્યો. આભાર. પાસ્ટોરેટ કમિટિ મળી. ૧ કરિંથીઓને પત્ર આધારે લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી.
- તા. ૧૭-૦૨-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં "ગેહઝી" ના જીવન વિશે વચન આપવામાં આવ્યું.
  રોઝમેરી ખ્રિસ્તીના જન્મ દિવસના આશીર્વાદને યાદ કરતાં પાળક કુટુંબ તરફથી ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો.
- તા. ૧૮-૦૨-૨૦૧૯ ના રોજ પુલવામાં થયેલ શહીદો માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા યોજેલ શ્રધ્ધાંજલી પ્રાર્થના સભામાં મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના મોટી સંખ્યામાં સભ્યો સાથે હાજરી આપી.
- તા. ૨૪-૦૨-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં સેન્ટેનરી મેથોડિસ્ટ ચર્ચ, મુંબઈના પાળક અને આગેવાનોએ હાજરી આપી. રેવ. ભરત સોલંકી સાહેબે વચનની સેવા આપી.
  ચર્ચ તરફથી તેઓના પ્રોજેકટને દાન આપવામાં આવ્યું

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| શ્રીમતી યાચના શેરીલ ક્રશ્ચિયન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન તરફથી | - | - |
| યાચના-સેરીલ (લગ્ન - દિવસ) | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રીમતી આશાબેન સી. વરસડા | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી યાચના શેરીલ ક્રિશ્ચિયન (લગ્ન દિવસ) | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી દેવદાસ બી.ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી રિચાર્ડ એસ. હિવાળે (ફોર વ્હીલર ખરીદ્યું) | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | - | - |
| દીકરી પ્રિયલના લગ્ન પ્રસંગે | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| કુ. પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી અંકુર એસ. સોલોમન | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી અતુલભાઈ પી. મહિડા | બર્થ ડે | ૨૫૦/- |
| શ્રીમતી મોનીકા ઓનિલ પેટ્રીક (લગ્ન દિવસ) | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ચિ. જેક એમ. રાઠોડ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી મોનીકાબેન એસ. ડેવિડ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી સમીરભાઈ એસ. ભાટીયા | બર્થ ડે | ૨૦૦૦/- |
| શ્રી ઓનિલ એ. પેટ્રીક (ફોર વ્હીલર ખરીદ્યું) | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| શ્રી માયુષભાઈ એ. રાઠોડ | બર્થ ડે | ૨૦૦/- |
| પટેલ શીલાબેન મગનભાઈ | પૂઅર ફંડ | ૫૦૦૦/- |
| કું. વેલેન્ટીના વી. દાસ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | બર્થ ડે | ૧૦૦/- |
| શ્રી/શ્રીમતી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી અશ્વિનભાઈ બી. પરીખ | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી કોલીન એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |

## જાહેરાત

- દર રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો. દર મહિનાના પ્રથમ રવિવારે પ્રભુભોજન પળાવવામાં આવે છે.
- ભજનસેવા બાદ સન્ડેસ્કુલમાં બાળકોએ બેસવું.
- તા. ૦૬-૦૩-૨૦૧૯ થી તા. ૧૩-૦૪-૨૦૧૯ દરમિયાન લેન્ટની મિટીંગોમાં જે તે વિસ્તાર-સ્થળે હાજરી આપશો.
- મેથોડિસ્ટ ચર્ચ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની સંયુક્ત ભજનસેવા તા. ૧૭-૦૩-૨૦૧૯ રવિવારે સવારે ૯-૦૦ કલાકે આઈ.પી.મિશન કંપાઉન્ડ, રાયખડ, અમદાવાદ થશે.
- તા. ૦૭-૦૪-૨૦૧૯ રવિવારે ભજનસેવા બાદ ૨ કરિંથી અને ગલાતીઓને પત્ર આધારિત લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવશે. સર્વ ભાગ લેશો.

## શુભેચ્છા

- ધોરણ-૧૦ અને ૧૨ પરિક્ષા આપનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રાર્થના સહ શુભેચ્છા પાઠવવામાં આવે છે.
- લેન્ટના દિવસો આપ સર્વ માટે પુષ્કળ આશીર્વાદિત થાય તેવી પ્રાર્થના સહ શુભેચ્છા

## BIRTHDATES IN MARCH-2019

| તારીખ | નામ |
|---|---|
| ૬/૩ | આલાપભાઈ જે. માસ્ટર |
| ૬/૩ | સુનિલભાઈ એસ. સોલંકી (USA) |
| ૬/૩ | કાંતિલાલભાઈ બી. સોલંકી |
| ૭/૩ | શરદકુમાર બી. વાઘેલા |
| ૮/૩ | રીટાબેન જે. કીન |
| ૧૨/૩ | રીનાબેન જીજ્ઞેશભાઈ દાસ |
| ૧૨/૩ | સુહાસીનીબેન ટી. રૂબી |
| ૧૩/૩ | જીની જે. મેકવાન |
| ૧૬/૩ | કલ્પનાબેન એસ. મેકવાન |
| ૨૩/૩ | જોય અરવિંદભાઈ ખ્રિસ્તી |
| ૨૪/૩ | સત્યવતીબેન વી. દાસ |
| ૨૫/૩ | ટવીંકલ વી. ક્રિસ્ટી |
| ૨૬/૩ | મેરેલીન એન. ચૌહાણ |
| ૨૯/૩ | કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૨૯/૩ | સિલાસભાઈ જી. ચૌહાણ |
| ૩૧/૩ | નિલેશભાઈ આર. રાઠોડ |



## ભેટ - સ્પોન્સર

- શ્રી માયુષભાઈ એ. રાઠોડ તરફથી કોડલેશ માયક આપવામાં આવ્યું.
- શ્રીમતી રીટાબેન કીન તરફથી પુલ્પિટ ટેબલ માટે ટેબલ કલોથ અને ફુલદાનીના સુંદર ફુલો આપવામાં આવ્યા.
- શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન (ખાનપુર) તરફથી વીન્ટર ફલાવરના કુંડા સુશોભીત ફુલો સાથે આપવામાં આવ્યા.
- શ્રી રોહિત એ. ફ્રાન્સિસ તરફથી તા. ૧૮-૦૨-૨૦૧૯ના રોજ પુલવામાંમાં થયેલ શહિદોની પ્રાર્થના સભા માટે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર માટે બેનર બનાવી આપવામાં આવ્યું.

ઉપરોક્ત સર્વનો પુષ્કળ આભાર.

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૧-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૪૩૬.૮૮ |
| | બેંક | ૩,૮૯,૭૧૯.૬૬ |
| તા.૩૧-૦૧-૧૯ સુધીની આવક | | ૧,૪૭,૮૮૭.૦૦ |
| | કુલ | ૫૩,૮,૦૪૩.૫૪ |
| તા. ૩૧-૦૧-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૫૭.૮૮ |
| | બેંકમાં | ૪,૭૩,૯૨૮.૬૬ |
| તા.૩૧-૦૧-૧૯ સુધીનો ખર્ચ | | ૬૩,૮૫૭.૦૦ |
| | કુલ | ૫,૩૮,૦૪૩.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર